Extra No. 96

REGISTERED No.L2/RNP/G/GNR/84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. LIII] **FRIDAY, AUGUST 24, 2012/BHADRA 2, 1934**

Separate paging is givrn to this Part in order that it may be filed as a Separate Compilation

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other Parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૨.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૧૨ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી /૨૦ /૨૦૧૨/વીડીઆર/૧૦૨૦૦૯/૨૦૬૧/ઈ-૧નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

**આર. એમ. ભાવસાર,**
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

## THE GUJARAT PROHIBITION (LIQUOR SAMPLES AND DETERMINATION OF QUANTITY SEIZED LIQUOR) RULES, 2012.

## ગુજરાત નશાબંધી (દારૂના નમૂના અને જપ્ત કરેલા દારૂનો જથ્થો નક્કી કરવા બાબતના) નિયમો, ૨૦૧૨ સંબંધી

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૮મી ઓગસ્ટ, ૨૦૧૨.

ગુજરાત **નશાબંધી અધિનિયમ, ૧૯૪૯,**

ક્રમાંક : જીજી /૨૦/૨૦૧૨/વીડીઆર/૧૦૨૦૦૯/૨૦૬૧/ઈ-૧:- ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૪૩ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે અમુક નિયમોનો મુસદો, ગૃહ વિભાગના તારીખ : ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૦૭/૨૦૧૨/વીડીઆર/૧૦૨૦૦૯/૨૦૬૧/ઈ-૧ થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-બી ના પાના નં. ૪૬-૧ થી ૪૬-૪માં પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી સદરહુ જાહેરનામાની *રાજપત્રમાં* પ્રસિધ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને, ઉપર્યુક્ત જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, સરકારને કોઇપણ વ્યક્તિ તરફથી કોઇપણ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઇ ૨૫મા) ની કલમ ૧૪૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :-

૧. **ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ :** (૧) આ નિયમો ગુજરાત નશાબંધી (દારૂના નમૂના અને જપ્ત કરેલા દારૂનો જથ્થો નક્કી કરવા બાબતના) નિયમો, ૨૦૧૨ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા :-** (૧) આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) 'અધિનિયમ' એટલે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૨૫મો);

(ખ) 'કન્ટેનર (પાત્ર)' એટલે જેમાં બ્રાન્ડેડ બોટલ સિવાયના દારૂનો સમાવેશ થઈ શકે તેવા ડ્રમ (પીપ), કાસ્ક (લાકડાનું દારૂનું પીપ), વેટ (મોટા કદનું વાસણ), બરણી અથવા વાસણ (પાત્ર) અથવા બીજી કોઈ વસ્તુ.

(ગ) 'નમૂનો' એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનો;

(ઘ) 'નમૂનો (સેમ્પલ)' એટલે વૈજ્ઞાનિક પરીક્ષણ માટે લીધેલો કેફી પદાર્થનો નમૂનો;

(ચ) 'પરીક્ષણ અધિકારી' એટલે અધિનિયમની કલમ ૧૧૬-ગ હેઠળ આલ્કોહોલના નમૂનાના પરીક્ષણ માટે, નિમાયેલા રાસાયણિક પરીક્ષક અથવા મદદનીશ રાસાયણિક પરીક્ષક અથવા બીજા કોઈપણ અધિકારી;

(૨) આ નિયમોમાં, વાપરેલા પણ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તે શબ્દો અને શબ્દપ્રયોગોનો (અર્થ), અધિનિયમમાં તેનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

૩. **દારૂના નમૂના એકત્ર કરવા બાબત.-** (૧) **દારૂના નમૂનાઓને નીચેની રીતે એકત્ર કરવા જોઈશે :-**

(ક) નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારીએ એક કન્ટેનર (પાત્ર) માંથી અથવા એક કરતાં વધુ કન્ટેનર (પાત્ર)ના કિસ્સામાં, દારૂનો સમાવેશ કરતા આવા દરેક કન્ટેનર (પાત્ર) માંથી, બે સાક્ષીઓ (પંચો)ની હાજરીમાં, ૨૦૦ મિલીલિટરના બે નમૂના લેવા જોઈશે.

(ખ) બ્રાન્ડેડ બોટલમાં સમાવેશ કરેલા દારૂના કિસ્સામાં, આવી બોટલનો સમાવેશ થયો હોય તેવી પેટીઓ (બોક્સ)માંથી, દરેક બ્રાન્ડની બે બોટલને બે સાક્ષીઓ (પંચો) ની હાજરીમાં, બેચ (જથ્થા) પ્રમાણે લેવી જોઈશે. બ્રાન્ડ અથવા બેચ (જથ્થા)માં ફેરફારોના કિસ્સામાં, આવી દરેક બ્રાન્ડના દારૂની બે બોટલને નમૂના તરીકે અલગપણે લેવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલા બે નમૂનામાંથી, એક નમૂનો, પરીક્ષણ અધિકારીને મોકલવો જોઈશે અને બીજો નમૂનો, કોર્ટ તે બાબત પર છેવટનો નિર્ણય કરે ત્યાં સુધી, જેણે દારૂ જપ્ત કર્યો હોય તેવા અધિકારીની કસ્ટડીમાં રાખવો જોઈશે અને ત્યારપછી, અધિકારીની કસ્ટડીમાં રાખેલા નમૂનાનો આ અર્થે ઠરાવેલી કાર્યરીતિ અનુસાર નાશ કરવો જોઈશે.

૪. દારૂના નમૂના પર સહી, કાપલી (સ્લીપ) અને ગુના રજિસ્ટ્રેશન નંબર (CRN) લખવા બાબત :- નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારીએ, આવા દરેક નમૂના અથવા જપ્ત કરેલી દારૂની બોટલના લેબલ પર અને દરેક બોટલના સીલ પર ચોંટાડેલી સ્લીપ પર સાક્ષીઓ (પંચો)ની સહી લેવી જોઈશે અને આવા દરેક નમૂના અથવા બોટલના લેબલ પર કેસનો ગુના રજિસ્ટ્રેશન નંબર (CRN) પણ લખવો જોઈશે.

૫. પૃથ્થક્કરણ માટે નમૂના મોકલવા બાબત :- જેણે દારૂ જપ્ત કર્યો હોય તે નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારીએ, કોઈ સમય ગુમાવ્યા વિના, વિગતવાર પૃથ્થક્કરણ રિપોર્ટ માટે દારૂનો નમૂનો રાજયની ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળાને નમૂના-ક માં સૂચના સાથે, તાત્કાલિક મોકલી આપવો જોઈશે.

૬. દારૂનું પરીક્ષણ કરવા બાબત :- પરીક્ષણ અધિકારીએ નિયમ ૫ હેઠળ મોકલેલા દારૂના નમૂનાઓનું વિગતવાર પૃથ્થકરણ વિના વિલંબે કરવું જોઇશે. તેમણે પૂરતા પગલાં અને કાળજી લેવી જોઈશે અને વસ્તુઓ અથવા વસ્તુમાંની સામગ્રીની સાથે ચેડાં ન થાય તે જોવું જોઈશે.

૭. કોર્ટમાં દારૂના નમૂનાની ઓળખ કરવા બાબત :- જેણે દારૂ જપ્ત કર્યો હોય તે નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારીએ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ દારૂનો નમૂનો તેણે જપ્ત કરેલ હોય તે જ હોવા અંગેની ઓળખ સાબિત કરવી જોઈશે અને તે નમૂના-ક સાથે અકબંધ સીલ સાથે તે જ નમૂનો પરીક્ષણ અધિકારીને મોકલવામાં આવ્યો હતો તે પણ સાબિત કરવું જોઈશે.

૮. પરીક્ષણ રીપોર્ટ અને દારૂના નમૂનાનું પ્રમાણપત્ર :- પરીક્ષણ અધિકારીએ, નિયમ ૫ હેઠળ મોકલેલા દારૂના નમૂનાઓનું વિગતવાર પૃથ્થક્કરણ કર્યા પછી, તેમણે કરેલા દારૂના નમૂનાના વિગતવાર પૃથ્થક્કરણ અંગેનો રિપોર્ટ નમૂના-ખમાં તૈયાર કરવો જોઈશે અને તે મતલબનું પ્રમાણપત્ર નમૂના-ખમાં કાઢી આપવું જોઈશે. તેમણે સંબંધિત નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારીને મૂળ પ્રમાણપત્ર મોકલી આપવું જોઈશે અને તેની એક નકલ પોતાના રેકર્ડ માટે રાખવી જોઈશે.

૯. દશ લિટર કરતાં વધુ જથ્થો હોય ત્યારે વાહન જપ્ત કરવા બાબત :- અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનામાં સંબંધમાં જપ્ત કરેલ દારૂનો જથ્થો દશ લિટર કરતા વધુ હોય ત્યારે એવા દારૂની હેરફેર માટેનું વાહન અથવા તબદીલી વાહન અધિનિયમની કલમ ૯૮ની પેટા-કલમ (૨)ની જોગવાઈઓ અનુસાર સરકાર-દાખલ થવાને પાત્ર થશે.

સ્પષ્ટીકરણ :- આ નિયમોના હેતુ માટે, વાહન અથવા તબદીલી વાહનમાં બાઈસિકલ, મોટરસાયકલ, સ્કુટર, ઓટોરીક્ષા, લોડીંગ રીક્ષા, છકડો રીક્ષા, ઊંટગાડી, બળદગાડી, ઘોડાગાડી, હાથલારી, ટેમ્પો, ટ્રેક્ટર, ટેન્કર, કાર જીપ, બસ, ટ્રક, વહાણ, યાંત્રિક અથવા બિન-યાંત્રિક હોડી (બોટ), તરાપો (રાફ્ટ), વેરી, સ્ટીમર, ઊંટ, બળદ, ઘોડો ગધેડો અને તેના જેવા બીજા અહીં ન જણાવેલ વાહનોનો સમાવેશ થાય છે.

## નમૂનો - 'ક'

(જુઓ નિયમ-૫ અને ૭)

જેણે દારૂ જપ્ત કર્યો હોય તે નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારીએ વિગતવાર પૃથ્થક્કરણ રિપોર્ટ માટે (દારૂનો) નમૂનો મોકલવા બાબત.

| | | |
|---|---|---|
| ૧. | ગુનાનું સ્થળ અને જિલ્લો | : |
| ૨. | ગુનાની તારીખ | : |
| ૩. | ડિટેકશન (ગુના-શોધ)ની તારીખ | : |
| ૪. | રજિસ્ટ્રેશન તારીખ (ગુનો નોંધવામાં આવ્યો હોય તો) | : |
| ૫. | ગુના રજિસ્ટ્રેશનની નંબર (CRN) અને ગુનો નોંધતું પોલીસ સ્ટેશન | : |
| ૬. | ગુનાનો વર્ગ | : |
| ૭. | અધિનિયમની કઈ કલમ હેઠળ ગુનો શિક્ષાપાત્ર છે તે | : |
| ૮. | આરોપી વ્યક્તિ કે વ્યક્તિઓના નામ, ઉપનામ, ઉંમર, વ્યવસાય, સરનામું અને ધરપકડ કરવામાં આવેલી છે કે નહિ તે | : |
| ૯. | કોર્પસ ડેલીકટી (ગુનાની વિષયવસ્તુ) | : |
| ૧૦. | કેસની ટૂંકી હકીકત | : |

| અનુક્રમાંક | પ્રકાર / બનાવટ (મેઈક) | જથ્થો | કિંમત |
|---|---|---|---|
| | | | |

નોંધ :- ઉપર કોલમ ૯માંના જથ્થાને નીચે પ્રમાણે દર્શાવવો જોઈશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | વોશ | : | કિલોગ્રામ અને લિટર |
| (૨) | દારૂ | : | લિટર અને ડ્રામ |
| (૩) | તાડી | : | લિટર અને ડ્રામ |
| (૪) | વિદેશી દારૂ | : | બોટલ |

### અધિકૃતિ

આથી, જિલ્લા........................................ના...........................................પોલીસ સ્ટેશનના તારીખ..............................ના ગુના રજિસ્ટ્રેશન નંબર.........................................હેઠળ આ સાથે મોકલવામાં આવેલ મુદ્દામાલનું પૃથ્થક્કરણ કરવા માટે તેના ટુકડા અથવા તેનો ભાગ કરવા માટે નિયામક, ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળાને અધિકૃત કરેલ છે.

તારીખ : ....................

સ્થળ : ......................

અધિકૃત અધિકારીની સહી અને હોદ્દો

## નમૂનો - 'ખ'

(જુઓ નિયમ-૮)

ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) દ્વારા દારૂના નમૂનાનો પરીક્ષણ રિપોર્ટ અને પ્રમાણપત્ર

કેસ નં............ રવાના તારીખ...........................

પ્રતિ,

પોલીસ ઈન્સ્પેક્ટર,
એલ.સી.બી.
પોલીસ સ્ટેશન.

જિલ્લો :-

આ, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ......................ની જોગવાઈઓ હેઠળ દાખલ કરેલ ગુના રજિસ્ટ્રેશન નંબર (C.R.No.)..............ના અને.................................. પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ/હેડ કોન્સ્ટેબલ શ્રી ................................................................ બક્કલ નં. .............................. મારફત આપે તારીખ...........................ના આપના પત્ર ક્રમાંક..............................થી નમૂના ક સાથે વિગતવાર પૃથ્થક્કરણ રિપોર્ટ માટે મોકલેલ..................................બોટલ/બોટલોના સીલ કરેલા મુદ્દામાલના અનુસંધાનમાં છે.

૧. (ક) ..............................માટે લાગુ પાડેલ પધ્ધતિઓની વિગતો.

(ખ) ચકાસણીની તારીખ.............................

(ગ) જથ્થાત્મક અને ગુણાત્મક ચકાસણી..............................

(૧) પૃથ્થક્કરણ માટે મોકલેલ સીલ કરેલી બોટલોનો અનુક્રમાંક/અનુક્રમાંકો.......................

(૨) સીલની વિગત :

(૩) તેની ઉપરથી નીચેના અક્ષરો-અંકો જોવા મળ્યા છે.

| લેબલ/પેપર<br>(૧) | મુદ્દામાલનું સીલ<br>(૨) |
|---|---|
| | |

૨. ચકાસણી માટે પદાર્થ આધારિત વર્ણન :

અનુક્રમાંક

(ક) રંગ :

(ખ) ગંધ :

(ગ) હાથ ધરેલ ગુણાત્મક પરીક્ષણ-

(૧) ઈથાઈલ આલ્કોહોલ :

(૨) મિથાઈલ આલ્કોહોલ :

(૩) એન્ટી-સેપ્ટિક (ચેપરોધક), મેડિસિન (ઔષધ), ટોઈલેટ,
પ્રિપરેશન (પ્રસાધનીય બનાવટ), પરફ્યુમડ એસેન્સ
અથવા સિરપની બનાવટ (પ્રિપરેશન) :

(૪) એસિટોન, વિકૃત પદાર્થ અથવા અન્ય પદાર્થ :

(૫) ખાંડ (શર્કરા) :

(૬) કોપર સલ્ફેટ :

(૭) યીસ્ટ :

નોંધ : (૧) શોધી કાઢેલ (જણાયેલ) : હાજરી દર્શાવે છે.

(૨) શોધી નહિ કાઢેલ (ન જણાયેલ ) : ગેરહાજરી દર્શાવે છે.

૩. ઈથાઈલ આલ્કોહોલની ટકાવારી : ગ્લાસ હાઈડ્રોમીટર/આર.એલ.જેન્કસ સિસ્ટમ પ્રમાણે

| અનુક્રમાંક | તાપમાન | હાઈડ્રોમીટરનો આંક | વિશિષ્ટ ઘનતા | વી./વી. (કદ/કદ) અથવા ડબલ્યુ./વી. (વજન/કદ)ની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

અભિપ્રાય :

(૧) અનુક્રમાંક/અનુક્રમાંકો ...................... પરનું પ્રવાહી, કોઈ અયોગ્ય આલ્કોહોલિક ઔષધિય અને પ્રસાધનીય બનાવટ (ટોઈલેટ પ્રિપરેશન), એન્ટી-સેપ્ટીક, પરફ્યુમડ એસેન્સ અથવા સિરપની હાજરી ન દર્શાવતો વિશિષ્ટ પ્રકારનો દારૂ છે. તે કેફી પદાર્થ તરીકે ઉપયોગ માટે યોગ્ય છે.

(૨) અનુક્રમાંક/અનુક્રમાંકો ......................માં કેફી દારૂના નિસ્યંદન માટે યોગ્ય એવું આથો આવેલું પ્રવાહી જણાયું છે.

**પરીક્ષણ અધિકારીની સહી અને હોદ્દો,**

નોંધ :- આ કેસનો મુદ્દામાલ એક અઠવાડિયાની અંદર લઈ જવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**પંકજ દવે,**
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.